HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઇમ્સ ઓફ ખત્રી

Times of Khatri

માસિક

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૭ અંક-૯ સળંગ અંક-૭૭ માહે-સફર હિજરી-૧૪૪૫ સપ્ટેમ્બર-૨૦૨૩

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## મારી વ્યથા

રજૂઆતઃ રફીક છાટબાર, રાજકોટ

હું હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની વડી સંસ્થા છું. મને હાલાઇ ખત્રીઓના વડવાઓ એ સન્ ૧૯૨૩ની સાલમાં ''હાલાઇ મુસ્લિમ ખત્રી કોન્ફરન્સ''ના નામથી સ્થાપના કરવામાં આવી. જે મારા સંભારણા મુજબ ફખરે કૌમ મર્હુમ હાજી શેઠ અબ્દુલ્લાહ નુરમોહંમદ ધડાની ઉપસ્થિતિમાં જેતપુર મુકામે પ્રથમ કોન્ફરન્સ થઇ હોવાનો મારો અંદાજ છે. કેમકે કોન્ફરન્સરૂપી મારા પાંચ અધિવેશો જેતપુર, જૂનાગઢ, ભાણવડ અને ધોરાજી મુકામે મળેલા હતા, એવું મારી સંભારણમાં છે. જેતપુરની મારી એટલે કોન્ફરન્સની સ્થાપના થયા બાદ મલ્હાર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ઠેર ઠેર મિટિંગો યોજાતી. વિવાદો, અપીલો અને કેસોના નિકાલ પણ મારા મારફતે કરવામાં આવતા. મારા એક સંભારણ મુજબ અંદાજે તા. ૨૫-૦૮-૧૯૩૨ના રોજ જેતપુર મુકામે કાઠિયાવાડ મુસ્લિમ ખત્રી કોન્ફરન્સની ત્રિમાસિક બેઠક મળી ને પછી કૌમના વડવાઓ મારા અસ્તિત્વને લઇને સૌરાષ્ટ્રમાં ફર્યા. કૌમની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉન્નતિ કાજે આ પ્રયાસો જારી રહયા. મારા સ્મરણમાં છે ત્યાં સુધી સન્ ૧૯૩૨ માં ભાણવડના રહીશ જનાબ ઇબ્રાહિમ હાસીમ ગીરાચ ફેન્સીના આમંત્રણથી તેમના દ્વારા આયોજન તળે મારી એટલે કોન્ફરન્સની બીજી મિટિંગ મળી હતી. આ કોન્ફરન્સમાં શાદી પ્રસંગ હતો તેવો મને અંદાજ છે. ત્યારબાદ ફરી સન્ ૧૯૩૩માં મારા મિટિંગ બોલાવવામાં આવી હોવાનો આછો પાતળો ખ્યાલ છે. ''ખત્રી ન્યૂઝ'' તા. ૧-૪-૮૯માં વાંચવા મુજબ અંદાજ છે અને મારી ત્રીજી મિટિંગ ગણાય. આ મારી યાદદાસ્ત મુજબ આછી પાતળી રૂપરેખા આપવાનો પ્રયાસ છે. ભાણવડની કોન્ફરન્સમાં બંધારણમાં નજીવા ફેરફારો કરેલ હતા. મને ચોથી વખત તા. ૬-૬-૧૯૩૭ના જૂનાગઢ મુકામે બોલાવવામાં આવી. તેમાં જોશીલા ભાષણો, ત્વરિત નિર્ણયો અને સમાજને સમૃધ્ધ બનાવવાના હાકલા પડકારાઓ થયા. પરંતુ અફસોસ, સદ અફસોસ ત્યારબાદ મને ૨૩ વર્ષ કેદ કરી મુકવામાં આવી.

સમાજના વિરલાઓ ફરી એકત્રિત થયા ને સને ૧૯૫૯ માં ફરી એક સંગઠ્ઠન સક્રિય થયું. કેટલાંક મહાલોની મિટિંગ મળી. આ મિટિંગ ઘણાં વર્ષો બાદ મળી હતી. તેથી સહુનો એક જ સૂર હતો કોન્ફરન્સ મળવી જ જોઇએ. એ જોશ જોઇને મારામાં ફરી જીવ આવ્યો. પાંચેક મહિનાના પ્રચાર બાદમારી પાંચમી કોન્ફરન્સ તા. ૨-૫-૧૯૬૦ના રોજ ધોરાજી મુકામે મળી. તે કોન્ફરન્સ તા. ૨ થી ૫ સુધી ચાલી. આ કોન્ફરન્સ એટલે હું એટલી સફળ રહી કે મુરબ્બીઓનું માનવું હતું કે હું આગળની જેટલી વાર મળી તેના કરતાં વધુ બહેતર અને સફળ રહી. મારા થકી ઘણાં પ્રશ્નોના ઉકેલ લાવવામાં આવ્યા. નવા બંધારણના ધારાધોરણો મારા મારફતે તા. ૧-૬-૧૯૬૦ થી અમલમાં આવ્યા. ધોરાજીમાં મળેલી આટલી વ્યવસ્થિત હું કોન્ફરન્સ મળી ગયા બાદ છઠ્ઠી કોન્ફરન્સ એટલે મને બોલાવવાનો પત્તો સુધાં જોવા ન મળ્યો, ત્યારે કૌમના જવાબદારો માથે જવાબદારી આવી પડી અને મારા ૧૮ વર્ષ એમને એમ વિતી ગયા.

ત્યારબાદ ફરી સમાજના આગેવાનો જાગ્યા. હાકલા-પડકારા સાથે સમાજ માટે કંઇક કરી છૂટવા એકત્રિત થઇને, કંઇક વિચારીએ, કંઇક સમજીએ એ એમના માટે જરૂરી બની ગયું. આપણે સૂઇ ગયા તો કૌમ સૂઇ ગઇ નું ભાન થયું. આગેવાનોએ પોતાની ઉંઘ ઉડાડી પોતાના સ્વખર્ચે ગામતરા કરી સમાજના બિરાદરોને જગાડવાનું ભગીરથ કાર્ય આરંભી દીધું. એક-બે વર્ષની મહેનત બાદ તા. ૮-૫-૧૯૮૨ના રોજ હાલાઇ મુસ્લિમ ખત્રીનું ભવ્ય કોન્ફરન્સ સફળતાના શિખરે પહોંચ્યું. એ કોન્ફરન્સ મર્હુમ શેઠ હાજી અબ્દુલ્લાહ નુરમોહંમદના ખત્રી મુસાફરખાનામાં દેશ-વિદેશના પ્રતિનિધિઓ અને જમાતના જવાબદાર આગેવાનોથી હાઉસફૂલ જનમેદની વચ્ચે યોજાઇ. આમ ૨૨ વર્ષે ફરી મળેલી મારી કોન્ફરન્સ જનહિત, સમાજની ગૂંચવણો, ચર્ચાઓ અને દલીલો બાદ મારો નવો ચેહરો એટલે ''ઓલ ઇન્ડીયા હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન''ના નામથી અસ્તિત્વમાં આવ્યો. જેમાં દેશમાં વસતા દરેક હાલાઇ ખત્રીઓને જોડતું એક બંધારણ સર્વાનુમતે પાસ કરવામાં આવેલ. એટલું જ

અનુસંધાન પાના નં. ૮ ઉપર

+91 9820223138

Asif Khatri
Managing Director

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# દરૂદો સલામ

**રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી "નૂરી", બેંગ્લોર**

ઈન્સાનની હરએક ઈબાદતમાં એ પ્રત્યાપિત થતું નથી કે તે કબૂલ થઈ છે કે નહીં? તે અત્યારે કે પછીથી પણ કબૂલ થઈ શકે છે. જ્યારે દરૂદ શરીફ પઢો છો તો તે ઈબાદત જેવી પુરી થઈ ગઈ કે તરત જ કબૂલ થઈ જાય છે, સુબ્હાનઅલ્લાહ! આ છે દરૂદ શરીફની મહત્વતા અને કબૂલિયતનો મહાન દરજ્જો!!!

શૈતાનની કમજોરી અને પરેશાની બાબતે પૂછવામાં આવ્યું તો તેણે જણાવ્યું કે છ ચીજોથી હું ખૂબ ચિંતીત અને પરેશાન થાવ છું. (૧) આપસમાં સલામ (૨) મુલાકાત વખતે મુસાફહ કરવું (૩) કાર્ય શરૂ કરતાં પહેલાં 'ઈન્શાઅલ્લાહ' બોલવું (૪) ગુનાહ થઈ જાય તો માફી માંગી લેવી અલ્લાહથી (૫) કોઈપણ કામ શરૂ કરતાં પહેલા 'બિસ્મિલ્લાહ' પઢવું (૬) આપ સરકાર (સૃલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નું નામ સાંભળતાં જ દરૂદ શરીફ પઢવું.

હુઝુર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની જાતે મુકદ્દસ તમામ ઈન્સાનો માટે અલ્લાહ તઆલાનો સૌથી મોટો એહસાન છે, ઈનામ છે. જેમણે ભટકેલી ઈન્સાનિયતને સીધા રાસ્તે ચલાવી નજાતના હકકદાર બનાવ્યા. નજાતનો એક એવો પ્રકાશિત રાહ બતાવી જે યુગો સુધી મિશાલે રાહ બની ગઈ.

અલ્લાહ તઆલાએ ઈન્સાનની ભલાઈ માટે એક એવી હસ્તીને જાહેર કરી જે પોતાની જાત અને શિફાતની દ્રષ્ટિએ અશરફુલ મખલુકાત, અશરફુલ અમ્બીયા અને મુરસલીન છે, જેના આપણે ઉમ્મતિ છીએ, સુબ્હાનલ્લાહ!!!

તેમણે આવીને પોતાની ઉમ્મત પર બેપનાહ કરમની નવાજીસ કરી એટલે હર મુસલમાન પર એ લાઝીમ થઈ જાય છે કે આ એહસાનનો બદલો તો આપણે ચૂકવી શકીએ તેમ નથી પણ વધુમાં વધુ તેનો શુક્રિયા અદા કરવા માટે તેમનો તથા તેમની આલ-ઔલાદ પર દરૂદો સલામ મોકલતા રહીએ, જે અલ્લાહને પણ પસંદીદા છે.

જે અલ્લાહ તઆલા પાસે પસંદીદા કામ હોય, મકબુલ હોય, શુક્રિયા ભી અદા થઈ જાય, આનાથી વિશેષ તરીકો શું હોય? માટે હાલતા-ચાલતા દરૂદ શરીફ પઢતા રહો. આ એવી ઈબાદત છે જે અલ્લાહને ખૂબ જ પસંદ છે. તેણે તેના ફરીસ્તાઓ અને દરેક ઈન્સાનોને દરૂદ પઢવાનો હુકમ ફરમાવી દીધો. "ઈન્નલ્લાહા વ મલાઈકતુ યુસલ્લુ અલયના અસન્નબીય્યે યા ઐય્યોહલજીના આમનુ સલ્લુ અલૈહિ વસ્સલીમુ તસલીમા."

આ આયત શરીફ માહે શાબાનમાં મદીના મુનવ્વરામાં નાઝીલ થઈ. જો કે આપણે હુઝુર અકરમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના એહસાનનો બદલો ચૂકવી શકતા નથી. તેથી ખુદા તઆલાએ આપણાં માટે આ આસાન તરીકો શીખડાવી દીધો કે દરૂદ શરીફ પઢો. આ એક દુઆ પણ છે અને એક અદબ પણ છે. "અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદેના મોહમ્મદીંવ વઆલા આલેહી સૈયેદેના મુહમ્મદીન વ બારીક વસલ્લીમ."

હવે આપણી ફરજ છે કે વધુમાં વધુ દરૂદ શરીફ પઢવું જોઈએ. આ એક ઈબાદતનો દરજ્જો પણ ધરાવે છે.

દરૂદ શરીફ એક એવો પવિત્ર અને નેક અમલ છે, જે ઈન્સાનને દરજ્જા બુલંદ ફરમાવે છે. લાખો વઝીફા અને ઈબાદતો એક તરફ અને બીજી તરફ દરૂદ શરીફ. જો તે નિખાલસતાથી પઢવામાં આવે તો પલભરમાં ઈન્સાનને અજીબોગરીબ રૂહાની બુલંદીઓ પર પહોંચાડી દે છે. આમાં ગેહરૂં અને છૂપુ રાઝ એ પણ છે કે અલ્લાહ તઆલા ખુદ પણ દરૂદ શરીફ પઢે છે અને ફરીસ્તાઓ પણ દરૂદ શરીફ પઢે છે અને આ એક માત્ર અમલ છે કે ખુદા પણ કરે છે અને આપણને પણ હુકમ કરે છે કે દરૂદ શરીફ પઢો. આનો માત્ર એ જ અર્થ થાય કે (મારી અલ્પમતિના આધારે) અલ્લાહની 'હા' માં 'હા' મેળવવી - અને એજ છે મોહબ્બત!!! અલ્લાહથી અને તેના પ્યારા રસુલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ).

*દરૂદ ઈસ પર કે જીસકા તજકીરાહ એન ઈબાદત હૈ,*
*દરૂદ ઈસ પર કે જીસકી જીંદગી રેહમત હી રેહમત હૈ.*

હઝરત શેખ શાદી (રહેમતુલ્લાહિ અલૈહિ)ના કોલ મુજબ હઝરત શેખ આરીફ મોહંમદ હકકી (રહેમતુલ્લાહિ અલૈહિ)ની કિતાબ "ખઝીનતુલ અસરાર"માં લખેલું છે કે દરૂદ શરીફ ૪૦૦૦ પ્રકારના છે. એક રિવાયત મુજબ ૧૨૦૦૦ લખેલ છે. આમાંથી હર એક દરૂદ શરીફ દુનિયાની કોઈ ન કોઈ ઈલ્મી શાખાઓથી સંપર્કમાં આપ સરકાર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના નઝરે કરમથી પ્રશંશાને પાત્ર છે. અસલમાં દરૂદ શરીફ એ સલામ છે ને હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર પઢવામાં આવે છે. રોજ કરોડોની સંખ્યામાં પઢવામાં આવતી સલામને દિલોજાનથી સલામ.

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

ખિદમતમાં પેશ કરવામાં આવેલ દરૂદનો મરતબો ખૂબ આલા છે. તેમાં અગણિત સવાબ છે. બન્ને જહાનની સલામતી અને બરકતનો ખજાનો છે. જે કામીયાબીના પંથે લઈ જાય છે. આના વિર્દથી કુર્બે ઇલાહી પ્રાપ્ત થાય છે. ટૂંકમાં દરૂદ શરીફ પઢવાથી બહુ જ ધારેલું કામ પ્રાપ્ત થઇ જાય છે. આ એક લાજવાબ ઈબાદત છે. જે આપ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની તાજીમની સાથોસાથ મોટામાં મોટો ફાયદો ઉપાડી શકાય છે.

હઝરત શૈખ અ.કાદીર જીલાની ગૌષુલ આઝમ (રદીઅલ્લાહુ અન્હુ) તેમની પ્રખ્યાત કિતાબ ''ગુન્નીય્યુત્ત તાલેબીન''માં ફરમાવે છે કે ઉમ્મતનો નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર દરૂદ શરીફ મોકલવું શફાઅત પ્રાપ્ત કરવાનું છે અને તે મુહબ્બતની સાથે ફરમાબરદારી પણ છે, સુબ્હાનલ્લાહ! અને જેણે ફરમાબરદારી અને મોહબ્બતનું નઝરાણું પેશ કરી દીધું તેને શફાઅત કેમ નશીબ ના થાય? જરૂર થાય, ઇન્શાઅલ્લાહ!

દરૂદે પાકનું પઢવું એ એક અનુશરણિય પગલું છે. અદબનો ઇઝહાર કરવું પણ છે.

દર અસલ દરૂદ શરીફ એક દુઆ પણ છે. જેનાથી અલ્લાહના પ્યારા રસુલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ઉપર રેહમત તલબ કરવામાં આવે છે અને સલામતીની તલબ સામેલ છે. મહાન મુફસ્સીરીન ફરમાવે છે કે, દરૂદ શરીફ અલ્લાહથી રેહમત પ્રાપ્ત કરવા માટે અને પ્યારા નબી (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ઉપર અને તેમની આલ-ઔલાદ ઉપર (તેમના સર્વે કુટુંબીઓ ઉપર) માટે મકબુલીયત રાખે છે. એમના ઉપર તેમના લાયક રેહમતની વર્ષા થાય છે અને એક વખત પઢવાથી ૧૦ નેઅમતો નાઝીલ થાય છે. જે માંગવાવાળા ઉપર ઉતારવામાં આવે છે. ઈન્સાનને જેટલી ચાહે તેટલી રેહમત હાંસિલ કરવાનો ઝરીયો બને છે. વધુ દરૂદ વધુ રેહમત, સુબ્હાનલ્લાહ!

અલ્લાહ તઆલા સુધી પહોંચવા માટે દરૂદ શરીફ સાથોસાથ પાકી-સાફી જરૂરી છે. દરૂદ શરીફરૂપી વુઝુ કામીયાબતરીન વુઝુ છે. આ 'ડાયરેકટવાળી' વાત નથી. અહીં દરૂદ શરીફનો વસીલો લાઝમી છે. કામીલ પીરો મુર્શીદનું કામ છે કે અલ્લાહનું કુર્બ હાંસિલ કરાવી દે. તો દરૂદ શરીફનું માધ્યમ એ છે કે તે તેમને મકબૂલિયતના મુકામ સુધી પહોંચાડવાની શક્તિ રાખે છે. આમાં પણ શર્ત એજ છે કે દરૂદ શરીફનો વસીલો તો લેવો જ રહયો.

હરએક દર્દનો ઇલાજ હોય છે. પરંતુ દીની અને દુન્યવી દર્દોનો કામીયાબ ઇલાજ ફકત દરૂદ શરીફ છે. હર એક જગ્યાએ પહોંચવા માટે જુદા જુદા રસ્તાઓ હોય છે. પરંતુ અલ્લાહ તઆલાનું કર્બ હાંસિલ કરવાનો સરળ રસ્તો ફકત એક જ છે અને તે છે કસરતથી દરૂદે પાક પઢતા રહેવું જરૂરી છે. ફર્જ ઈબાદતો પછી શ્રેષ્ઠ સ્થાન દરૂદ શરીફ જ છે. નમાઝ મોમીનની મેઅરાજ છે એ જ રીતે દરૂદ શરીફ એ આશીકો અને સિદ્દીકોની 'મેઅરાજ' છે. દરૂદ શરીફ એક તિજારતરૂપી ઈબાદત છે. જેની ગણતરી પ્રત્યેક દિવસે વધતી જ જાય છે. આ એવો વ્યાપાર છે જે નફા સાથે વધતો જ જાય છે અને અંતઃતહ જન્નતના દરવાજે પહોંચાડી દે છે. અલ્લાહ તઆલાની નારાજગીથી બચવામાં પણ દરૂદ શરીફનું પઠન ખૂબ જ કામ લાગે છે. આ એવી ઈબાદત છે, જેનો ફાયદો તેના પઢનારની તરફ પરત કરવામાં આવે છે.

દરૂદ શરીફ પઢવું પોતાની જાત માટે દુઆ કરવા બરાબર છે. દરૂદ શરીફ પઢનારનો જે પણ મકસદ હોય તે મકસદ પૂરો કરવા તે કામીયાબીની રાહ બની જાય છે. દરૂદ શરીફ શ્રેષ્ઠ આમાલ છે. તેની કબૂલિયત ૧૦૦% છે. સઘળી દુઆઓમાં શ્રેષ્ઠતમ્ દુઆ પણ છે.

દરૂદ શરીફના અસંખ્યા ફાયદા છે, જે વર્ણવી શકાય નહિ. રોજ ઓછામાં ઓછા ૩૧૩ દરૂદ શરીફ પઢવાનો ઈરાદો કરી લો અને તેના પરિણામો જુઓ. ઈન્શાઅલ્લાહ દીન અને દુન્યા બન્ને સુધરી જશે. અલ્લાહ તઆલા નમાઝની સાથો સાથ દરૂદ શરીફ પઢવાની આપણને સૌને નેક હિદાયત આપે, આમીન.

## ખત્રી બિરાદરો જોગ...

કોઈપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઇ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, પોતાના વિચારોને સમગ્ર સમાજ સામે રજૂ કરી શકાય છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે. આવી તમામ જવાબદારીઓ 'ટાઈમ્સ ઓફ ખત્રી' બખૂબી બજાવી રહ્યું છે અને તેનો ફાયદો પણ આપ લોકોની સમક્ષ દેખાઇ રહયો છે. સમાજ આજે જાણે તંદ્રામાંથી જાગીને, ઉત્સાહિત થઇને સમાજહીતના કામે લાગી ગયો છે. તેવા સમયે આપણી પણ ફરજ બની રહે છે કે આપણું આ મુખપત્ર વર્ષો સુધી સમાજની સેવામાં સેતુરૂપ કાર્ય કરતું રહે, એ માટે આપનું લવાજમ તાત્કાલિક ઓફિસે મોકલી આપવું. આપની આ લવાજમરૂપી સહાયથી જ આપણું 'ટાઈમ્સ ઓફ ખત્રી' ટકી રહેશે.


Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786 www.maplestar.ae Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679
ميبل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.
Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

# બુધ્ધિવાન/બુધ્ધિશાળી (Intelligent/Sensible) અને બુધ્ધિહીન (Non Sense)

મોહંમદ હુસેન એ. ઘડા, પોરબંદર

આમ તો અલ્લાહ તઆલાએ ઈન્સાનને આપેલ બહુમૂલ્ય નઝરાણું તેનું શરીર છે. શરીરના એક એક અંગની કિંમત દુનિયાભરની વસાહતો પણ ન લગાવી શકે. એક ઈન્સાનના માત્ર હૃદયની કિંમત આંકવામાં આવે તો કરોડોમાં થાય એવા તો અનેકાનેક ઈન્સાનો અને જાનવરોને હૃદય સાથે અલ્લાહ તઆલાએ દુનિયામાં પેદા ફરમાવ્યા છે. એ પૈકી બુધ્ધિ એક એવી બેશકિંમતી વસ્તુ છે જે અલ્લાહ એ માત્ર ઈન્સાનને જ અતા ફરમાવી છે. અલ્લાહ તઆલા એ બુધ્ધિ દરેક ઈન્સાનને આપી છે, પરંતુ ઈન્સાન એ બુધ્ધિનો સદુપયોગ અને દુરૂપયોગ બંને કરી અને કયારેક અલ્લાહની રઝા અને કયારેક અલ્લાહની નારાઝગી વ્હોરી લ્યે છે. એ રીતે કોઈ ઈન્સાન બુધ્ધિવાન/બુધ્ધિશાળી અને કોઈ બુધ્ધિહીનમાં વર્ગીકૃત થઈ જાય છે.

બુધ્ધિ માત્ર દુનિયા જ નહિ દિની મામલામાં પણ કયારેક સાચી રાહે તો કયારેક ગેરમાર્ગે દોરાઈ જાય છે અને સંજોગોમાં કયારેક દુનિયાવી મામલામાં જેને બુધ્ધિવાન ગણવામાં આવતા હોય એ દિની મામલમાં બુધ્ધિહીન વર્તાય છે. અને મજાની વાત એ છે કે દિની મામલમાં બુધ્ધિહીન લોકો પોતાને બુધ્ધિવાન અને બીજાને બુધ્ધિહીન સમજી લેતા હોય છે. સામાજિક દ્રષ્ટિકોણથી પણ કયારેક આપણે પ્રથમદર્શી વ્યક્તિ બુધ્ધિશાળી દેખાતો હોય પરંતુ કયારેક તેના વાણી, વર્તન આપણને તેના બુધ્ધિશાળી હોવા પર શંકા ઉપજાવતા હોય. તો ખરેખર કોને બુધ્ધિશાળી અને કોને બુધ્ધિહીન કહી શકાય. આ બંને વચ્ચે તફાવત જોવા કરતા લેખકના અંગત મત મુજબ જગતમાં કોઈપણ વ્યક્તિને બુધ્ધિહીન કહેવું જ ન જોઈએ. કદાચ કોઈ વ્યક્તિમાં એવા લક્ષણો હોય પણ તેમ છતાં એ વ્યક્તિને જાહેરમાં અથવા અંગત રીતે બુધ્ધિહીન સંબોધવું જે તે વ્યક્તિને ઉતારી પાડવા બરોબર ગણાય. ''ખરો બુધ્ધિશાળી વ્યક્તિ તો એ ગણાય જે પોતાને કદી બુધ્ધિશાળી ગણતો જ ન હોય અથવા બીજાને બુધ્ધિહીન ગણતો ન હોય.''

અંગ્રેજી શબ્દકોષ મુજબ Sensible નો સ્પષ્ટ અર્થ able to make good judgements based on reason and experience થાય છે. એટલે કે તર્ક અને અનુભવ આધારિત નિર્ણય લેવા સમર્થ.

સામાજિક સ્તરની જો વાત કરીયે તો વર્ષોથી એક ચાલી આવતી પ્રણાલી છે કે સમાજની આગેવાની એવા વ્યક્તિઓને જ સમાજના બુધ્ધિજીવીઓ સોંપતા હોય છે જેમાં આગવી સુજબુજ અને કોઠાસુઝ હોય, સામાજિક નિર્ણયો (ખાસ કરીને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં) લેવાની ક્ષમતા હોય, સત્ય બોલવા અને તેની ઉપર ઉભા રહેવાની હિંમત હોય, નિષ્પક્ષ ન્યાય કરવાની કાબેલિયત હોય વગેરે વગેરે. અહીં દુનિયાવી શિક્ષણ અથવા ડિગ્રીઓ ઘણીવાર ગૌણ બની જતી હોય છે. કારણ કે એ પણ સત્ય છે કે આગેવાનો અને સેવાભાવીઓ માટે કોઈ ડિગ્રીઓ બનતી નથી. ત્યારે સમાજના કેટલાક નિર્ણયો લેતી વખતે એ આગેવાન સામે અમુક ઘટનાઓ, બનાવો એવા પણ બનતા હોય જયાં તેણે કઠીન નિર્ણય ગુણો આધારિત, રેકર્ડ ઉપર ઉપસ્થિત કાગળો તથા તથ્યો આધારિત લેવા પડતા હોય છે. જેની સાથે કયારેક બુધ્ધિજીવી વર્ગ સહમત નથી થતો અને એ સંજોગોમાં આગેવાનના નિર્ણયોને ખોટા ઠેરવવાનો નિરર્થક પ્રયાસ કરે છે અથવા તો જે તે આગેવાનને બુધ્ધિહીન સમજવાની ભૂલ કરે છે. આ પ્રકારની ઘટનાઓ બને ત્યારે આપણને વિચારતા કરી મૂકે છે કે ખરેખર અહીં કોને બુધ્ધિશાળી કહેવા અને કોને બુધ્ધિહીન. કારણ કે બુધ્ધિહીન કોઈ હોતું જ નથી, આ માત્ર એક અહ્‌મભાવનાનું પ્રદર્શિત સ્વરૂપ છે જે વ્યક્તિને પોતાને બીજા કરતા ચડિયાતો સમજવાની ભૂલ કરાવે છે.

અલ્લાહ કયારે કોને કયા સ્વરૂપે હિદાયત આપી દે, કયા સ્વરૂપે તેની ઈઝઝતમાં વધારો કરી દયે અને કયારે ઝિલ્લતનો હકદાર બનાવી આપે એ કોઈ નથી જાણતું.

વતુ ઈઝઝુ મંતશા, વતુ ઝીલલુ મંતશા.

અલ્લાહ આપણને સૌને અહ્‌મ (ગુરૂર)ની ભાવનાથી હંમેશા બચાવીને રાખે. હંમેશા બીજાની ઈઝ્ઝત કરવાની અને આપણને બીજા કરતા ચડિયાતા ના સમજવાની હિદાયત આપે, આમીન.

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઈ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# દેશભક્તિ એટલે શું?

રજૂઆતઃ નઝીર શેરસીયા, વાંકાનેર

તાજેતરમાં આપણો રાષ્ટ્રીય પર્વ ''સ્વતંત્રતા દિવસ'' ૧૫મી ઓગષ્ટે ઉજવાઇ ગયો. ઠેર ઠેર આપણો રાષ્ટ્રધ્વજ લહેરાતો જોવા મળ્યો. નાના-મોટા સહુ કોઇ પોતાની રાષ્ટ્રભક્તિ પ્રદર્શિત કરતા જોવા મળ્યા.

આપણે જે દેશમાં જન્મ્યા, જેના ખોળે મોટા થયા તેના પ્રત્યે વફાદારી હોવી જ જોઇએ. તે દેશ પ્રત્યે જાન કુરબાન કરી દેવા સુધ્ધાંની તૈયારી હોવી જોઇએ. દેશને નુકશાન થાય તેવું કોઇ પણ કૃત્ય કરવું દેશ પ્રત્યે દ્રોહ કરવા સમાન છે.

આજે દેશભક્તિની વ્યાખ્યા સમય અનુસાર બદલાતી જોવા મળી રહી છે. આઝાદીની લડત વખતનો સમય જુઓ તો ખબર પડશે કે આજે દેશભક્તિની વ્યાખ્યા કેટલી બદલાઇ ગઇ છે. આઝાદીની લડત વખતે ખભ્ભે-ખભ્ભા મિલાવીને અંગ્રેજોની ગુલામીમાંથી આ દેશને છોડાવ્યો હતો. તે સમયે કોઇને પણ કહેવાની જરૂરત ન હતી કે તમારી દેશ ભક્તિ બતાવો. નવલોહિયાઓ એ પોતાની જાનની કૂરબાની આપી આઝાદી અપાવી. અસંખ્ય લોકોએ પોતાનું બલિદાન આપ્યું. આપોઆપ જ દેશભક્તિનો જુવાળ ઉભો થયો અને તેના પરિણામસ્વરૂપ આજે આપણે આઝાદ દેશના નાગરિક છીએ.

હાલના આઝાદ ભારતમાં દેશભક્તિની વ્યાખ્યાનું સ્વરૂપ બદલાઇ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આપણાં રાષ્ટ્રીય પર્વો વખતે વારંવારની અપીલોના પરિણામે એક-બે દિવસ એવો દેશભક્તિનો લોકજુવાળ જોવા મળે છે, પરંતુ પછી આ જુવાળ ઓસરી જાય છે અને ત્રિરંગા શેરીઓમાં વિખરાયેલા જોવા મળે છે. રાષ્ટ્રીય પર્વો સિવાયના દિવસોમાં શું દેશભક્તિ ભૂલાય જાય છે?

હાલના સમયમાં દેશભક્તિને દેખા-દેખીના સ્વરૂપમાં જોવામાં આવે છે. શું જેને પોતાના ઘર પર ત્રિરંગો ન ફરકાવ્યો તેની દેશ પ્રત્યેની દેશભક્તિ ઓછી થઇ જાય છે? દેશ હિતને પારાવાર નુકશાન કરી પોતાના ઘર પર ત્રિરંગો ફરકાવી દેશભક્તિનું નાટક કરનારને દેશભકત ગણી શકાય? આવા અગણિત પ્રશ્નો આજે ઉદ્‌ભવી રહ્યા છે.

ટેકસ ચોરી, વીજ ચોરી, દેશના કાયદા-કાનૂનનું સરેઆમ ઉલ્લંઘન કરનાર, પોતાના હિત ખાતર દેશને કેટલું નુકશાન થાય છે તે વિશે કયારેય ન વિચારનાર, આવા લોકો આજે દેશભક્તિનો પછેડો ઓઢીને ફરી રહયા છે!!

ઘર પર રાષ્ટ્રીય પર્વો નિમિત્તે ખાલી આપણો રાષ્ટ્રધ્વજ ફરકાવી દેવાથી આપણું રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય પૂર્ણ નથી થતું પરંતુ જે ખરેખર રાષ્ટ્ર પ્રત્યે આપણું કર્તવ્ય છે તે તો આપણે બજાવતા નથી! નિયમિત ટેકસ ભરવો, દેશ હિતને નુકશાન થાય તેવું કોઇ કૃત્ય કરવું નહિ, દેશની અખંડિતતા-એકતામાં વિક્ષેપ થાય તેવા કોઇપણ કાર્યો-ભાષણો કરવા નહિ, દેશના કાયદા-કાનૂનનું ચુસ્તપણે પાલન કરવું, વિગેરે આવા અનેક કાર્યો છે તે કરવામાં આપણે શુષ્ક છીએ. શા માટે? કારણ કે આવા કાર્યોમાં આપણે પોતાનું હિત પ્રથમ જોઇએ છીએ, બાદમાં દેશહિત વિશે વિચારીએ છીએ.

જૂની પેઢીએ દેશભક્તિના બદલતા પરિમાણો નજીકથી નિરખ્યા છે. અગાઉના સમયની દેશભક્તિ અને હાલની દેશભક્તિ વચ્ચેની ભેદરેખા સારી રીતે સમજી શકે છે. પરંતુ મારે આજના નવયુવાનોને ખાસ કહેવાનું છે કે દેશભક્તિ એ કંઇ દેખાડાની વસ્તુ નથી પરંતુ તે આપોઆપ દિલમાંથી ઉઠતી દેશ પ્રત્યેની લાગણી છે. કોઇપણ અપીલ વગર જે દિવસે આપણાં દિલમાંથી આપોઆપ દેશભક્તિનો જુવાળ ઉઠશે ત્યારે જ આપણી દેશભક્તિ યર્થાથ ગણાશે.

આજે નવયુવાનોમાં વિદેશી બ્રાન્ડની ચીજ-વસ્તુઓનો ક્રેઝ વધી રહયો છે, શું તે યોગ્ય છે? જયાં સુધી આપણાં દેશની ચીજ-વસ્તુઓ મળે ત્યાં સુધી વિદેશની શા માટે વાપરવી જોઇએ? આપણાં અર્થતંત્રને મજબૂત બનાવવા માટે 'મેક ઇન ઇન્ડિયા'ની ચીજ-વસ્તુઓનો આગ્રહ રાખવો એ પણ એક દેશભક્તિ જ છે ને? જયારે આજે તો સવારથી સાંજ સુધી પોતાની દૈનિક ક્રિયાઓમાં વિદેશી વસ્તુ વાપરતા લોકો, વિદેશી બનાવટની ગાડીઓમાં ફરતા લોકો આપણને દેશભક્તિના રંગે રંગાઇ જવાનું આહ્‌વાન કરી રહયા છે, છે ને વિધીની વક્તા!!!

દેશ પ્રગતિ કરી રહયો છે, પરંતુ આપણે દેશ પ્રત્યે આપણાં કર્તવ્ય પાલનમાં ઉણા ઉતરી રહયા છીએ, જે ખરેખર નિરાશાજનક અને ચિંતાજનક છે. લોકો પ્રથમ પ્રાધાન્ય દેશ હિતને આપે, દેશ હિતને સર્વોચ્ચ ગણે, દેશ પહેલા બાકી બધું પછી તે વિચારસરણી અમલી બનાવે તો જ દેશનો સંપૂર્ણ વિકાસ શકય બનશે.

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# વેરાવળ હાલાઈ મુસ્લિમ ખત્રી જમાઅત દ્વારા ઐતિહાસીક ઈનામી મેળાવડાનું સફળ આયોજન

રજૂઆતઃ અબ્બાસભાઈ વિજળીવાઢા, વેરાવળ

તા. ૨૦ ઓગષ્ટ, ૨૦૨૩ રવિવારના રોજ તુર્ક જમાતખાના, વેરાવળ મુકામે સવારે ૧૦-૩૦ વાગ્યાથી આમંત્રિત મહેમાનોના આગમનની શરૂઆત થઇ હતી. સ્થાનિક જમાઅતના પરિવારો ખૂબ જ ઉત્સાહપૂર્વક બહોળી સંખ્યામાં નિયત સમયે આવવા લાગ્યા હતા. વેરાવળ જમાઅતના આમંત્રણને માન આપીને અલગ-અલગ શહેરોથી વિવિધ સંસ્થાના આગેવાનોએ પણ સમયસર હાજરી આપી હતી. જેમાં ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) તરફથી પ્રમુખ જનાબ નઝીરએહમદ અ.શકુર કારાતેલા, જનાબ મો.અમીન અ.લતીફ ગિરાચ, જનાબ મો.શફીભાઈ કારાતેલા, જનાબ મો.રફીકભાઈ મચ્છર, હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશન તરફથી જનાબ રફીકભાઈ છાટબાર, જનાબ આસીફભાઈ છાટબાર, જનાબ અખ્તરભાઈ ગિરાચ (જેતપુર), જનાબ સાગરભાઈ વલોરા (મોરબી), હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ તરફથી જનાબ સમીરભાઈ ઘુમરા (રાજકોટ), જૂનાગઢ જમાઅતના પ્રમુખ જનાબ અબુભાઈ ગિરાચ, જનાબ ઈમ્તિયાજભાઈ મચ્છર, જનાબ મુસાભાઈ ગિરાચ, જનાબ જાહીદ વલીમોહંમદ ગિરાચ અને મોરબીથી જનાબ મો.ઈકબાલ વલોરા સાહેબ વગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી.

વિધિવત્ રીતે કાર્યક્રમ સવારે ૧૧-૩૦ કલાકે શરૂ થયો હતો. હસ્બે મામુલ શરૂઆત તિલાવતે કલામે પાકથી કરવામાં આવી હતી. જનાબ હાજી અ.સત્તાર મામદ ધડા અને રેહાન આરીફ વિજળીવાઢા દ્વારા તિલાવતે કલામે પાક બાદ માહેનૂર ઈમ્તિયાજ વિજળીવાઢા એ ખૂબ જ પ્યારા અંદાઝમાં દુઆઓનું પઠન કર્યુ હતુ અને ત્યારબાદ અલ્ફિયા આરીફ ભૂચેરા તથા જનાબ હાજી અ.સત્તાર મામદ ધડા દ્વારા નાતે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પઢવામાં આવી હતી.

ત્યારબાદ સ્થાનિક જમાત કમિટીના અલગ અલગ સભ્યોના હસ્તે પ્રી-નર્સરી થી લઈને કોલેજ સુધીના મળી કુલ ૫૭ વિદ્યાર્થીઓને ઈનામો ઈકરામથી નવાઝવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ૩ ક્રમે આવનારા વિદ્યાર્થીઓને તથા અન્યોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. સાથે સાથે બહારથી આવેલા મહેમાનોના હસ્તે વિવિધ સંસ્થાઓ તરફથી પણ રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશન તરફથી દરેક વિદ્યાર્થીને રોકડ કવર, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન તરફથી ધો. ૧ થી કોલેજ સુધીના પ્રથમને રોકડ કવર, બધા પ્રથમ ક્રમે આવનારને હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ તરફથી રોકડ કવર, બધા ધોરણમાં બીજા અને ત્રીજા ક્રમે આવનારને જૂનાગઢ જમાઅત તરફથી રોકડ કવર, બધા આશ્વાસન ઈનામ મેળવનારાને ખત્રી ઈકો ફાઉન્ડેશન સમિતિ સભ્યો તરફથી રોકડ કવર વગેરે ઈનામોનો વરસાદ કરવામાં આવ્યો હતો.

બપોરે ૧-૪૫ કલાકે લંચ બ્રેક રાખવામાં આવેલ અને ખૂબ જ લઝીઝ ભોજન પીરસવામાં આવેલ. ભોજન બાદ બપોરે ૩-૦૦ કલાકે કાર્યક્રના બીજા દોરની શરૂઆત કરવામાં આવી.

કાર્યક્રમ દરમ્યાન આપણાં મહાનુભાવોએ પોતાના વકતવ્ય દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન પુરું પાડયું હતું, જેમાં આપણાં જાણીતા વકતા જનાબ મો.શફીભાઈ કારાતેલા એ ઈલ્મની અહમિયત અને પેરેંટલ કાઉન્સિલીંગની જરૂરિયાત સમજાવી હતી. જનાબ મો.ઈકબાલભાઈ વલોરાએ યુવાનોએ પોતાની આગવી ઓળખ ઉભી કરવી પડશે એ બાબત ઉપર ભાર આપ્યો હતો. જનાબ મો.રફીકભાઈ મચ્છરે વિદ્યાર્થીઓને વાંચનના મહત્વ માટે તેમના ૪૦ વર્ષના અનુભવનો નિચોડ સમજાવ્યો હતો. ગેસ્ટ સ્પીકર તરીકે સ્થાનિક જમાઅતના એક ખાતુન મોહતરમા બુશરા ફૈઝાન ધડા એ પણ વિદ્યાર્થીઓને ઈલ્મ સાથે નમાઝનો મહિમા સમજાવ્યો હતો. તદુપરાંત, નોંધપાત્ર બાબત એ હતી કે આ કાર્યક્રમમાં વકતવ્ય આપવા માટે સબિહા સુલેમાન ધડા તથા ફરનાઝ ગજકરણ બન્ને વિદ્યાર્થીનીઓએ પોતાની સ્વેચ્છા બતાવી હતી અને ખૂબ જ સરસ તેમજ ઉપયોગી વકતવ્ય આપ્યું હતું. આ બન્ને વિદ્યાર્થીનીઓના વકતવ્યો ઉપરાંત પ્રશંશનીય એ પણ હતું કે નાના બાળકો અને બાળકીઓ જેઓ ધો. ૩ થી ૭ વચ્ચે અભ્યાસ કરે છે, તેઓએ મંચ પર આવી બોલવાની ઈચ્છા દર્શાવી હતી, એટલું જ નહિ મંચ પર આવી હિંમતપૂર્વક અંગ્રેજી ભાષામાં દાર્શનિક વકતવ્ય આપ્યું હતું. જેને હાજર શ્રોતાઓ-મહેમાનોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધા હતા.

વિદ્યાર્થીઓના ઈનામ વિતરણ બાદ વેરાવળ જમાઅત તરફથી આમંત્રિત મહેમાનોને મોમેંટો અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆતમાં તિલાવત, નાતે રસૂલ પઢનાર તેમજ વક્તવ્ય આપનાર વિદ્યાર્થીનીઓ તેમજ ગેસ્ટ સ્પીકરને પ્રમુખ જનાબ હાજી અબ્દુલ્લાહભાઈ ભૂચેરાના હસ્તે મોમેંટો અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ સમગ્ર કાર્યક્રમના આયોજન અને તૈયારીઓમાં ખૂબ જ મહેનત કરનારા વોલન્ટિયર્સને જનાબ રફીકભાઈ છાટબાર તથા જનાબ નઝીરએહમદ કારાતેલાના હસ્તે મોમેંટો અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ સમગ્ર આયોજનનું પોતાની આગવી સુજબુજ અને કાબેલિયત સાથે દરેક નાના માં નાની બાબતનો ખ્યાલ રાખી છેલ્લા ૧ મહિનાથી સંકલન કરનાર વેરાવળ



Since 1945
જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

જમાઅતના સેક્રેટરી જનાબ અબ્બાસભાઇ વિજળીવાઢાને તેમની કામગીરી બિરદાવવાના ભાગરૂપે પ્રમુખ જનાબ હાજી અબ્દુલ્લાહભાઇ ભૂચેરાના હસ્તે મોમેંટો અર્પણ કરવામાં આવ્યો હતો. એ પછી કાર્યક્રમના મંચ સંચાલક જનાબ મોહંમદ હુસૈન ધડા (MH)ને જનાબ અબ્બાસભાઇ વિજળીવાઢાના હસ્તે મોમેંટો અર્પણ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતમાં બપોરે ૪-૩૦ કલાકે પ્રમુખ જનાબ હાજી અબ્દુલ્લાહભાઇ ભૂચેરાએ ઉપસ્થિત મહેમાનો અને બિરાદરોનો આભાર વ્યકત કર્યો હતો અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

વેરાવળ જમાઅત દ્વારા આયોજિત આ ઐતિહાસિક ઇનામી મેળાવડાને જવલંત સફળતા મળી હતી.

## કાર્યક્રમની તસ્વીરી ઝલક...







## 7 Steps to Dental Health
A Holistic Guide to a Healthy Mouth and Body

Max Haroon
E-mail: max@healthyaging.institute

Book's Website http://7stepsdentalhealth.com .
The book and this Guide are published by Life Transformations Institute, now called Healthy Aging Foundation (HAF).
Enquire about the educational workshop, based on this Guide and the book for your groups or organizations.

### About the Healthy Aging Institute

The Healthy Aging Institute (HAI) is an educational initiative of the HealthyAging Foundation (HAF). HAF is a not-for-profit educational organization of collaborative kindred spirits that empowers aging by sharing our cumulative knowledge and wisdom.

There is a great deal of research and science available in the area of Healthy Aging, the purpose of HAI is to bring knowledge at the local and personal level through discussions and publications.

### Books and Articles by Max Haroon

1. 7 Steps to Dental Health: A Holistic Guide for Your Mouth and Body by Max Haroon, expanded 3rd Edition: http://bit.ly/max-dentalbook
2. Benefits of Sprouting: Enhance the Availability of Dormant Enzymes
   Download: http://bit.ly/max-sprouting
3. 7 Steps to Improve Your Eyesight: How to Improve your Screen-tired-Eyes
4. Be Mindful During The Day To Sleep Better At Night
5. Tooth Body Connection: Connection of Oral Conditions to Systemic Diseases

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 Times of Khatri September-2023 Postal Regd. No. Rajkot/707/2022-2024

If undelivered please return to:

HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

ટાઇમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## ઉન્નતિ કે સિતારે

બિલાલ નિસાર એહમદ સોનેજી (દુબઇ) ૧૪ વર્ષ એ બેંગ્લુરૂ ખાતે યોજાયેલ ક્રિકેટ કોચિંગ કોમ્પમાં ભાગ લઇ ટ્રોફી મેળવેલ છે. આ ખુશીના પ્રસંગે દાદાજાન અ.ગફાર સોનેજી ''નૂરી'' સાહેબ તરફથી રૂા. ૨૦૦ ટાઇમ્સ ઓફ ખત્રીને બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

અનુસંધાન પાના નં. ૧નું ચાલુ...

નહિ મારી મોટી બહેન વડીલ કોન-ફેડરેશનને પણ અસ્તિત્વમાં લાવવામાં આવી. જેમાં મારા સહિત ચાર બહેનોએ મળીને બનાવવામાં આવેલ ભારત, પાકિસ્તાન, યુરોપ, અમેરિકા, આફ્રિકાના દેશોની મારી બહેન ફેડરેશન એ મળીને મોટી બહેન કોન-ફેડરેશન બનાવવામાં આવી. જેનાથી મારી સમજ મુજબ આવી રચના કરવામાં આવી કે જે ગામમાં પાંચ હાલાઇ મુસ્લિમ ખત્રીઓના ઘર (ચૂલા) હોય તે જમાત ગણાશે.

આ મુજબ તા. ૧૦-૧૧-૧૯૮૩ થી મારી ઓલ ઇન્ડીયા હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન રૂએએ નવો અધ્યાય શરૂ થયો ને પ્રથમ જામનગર મુકામે સ્થાયી કરવામાં આવી. ધીમે ધીમે મારા થકી સમાજની કાર્યવાહી આગળ વધવા લાગી. ત્યારબાદ મારૂં બીજું અધિવેશન તા. ૧૯-૧૨-૧૯૮૬ના રોજ જામનગર મુકામે મળ્યું.

હલેસા બદલતા ગયા, આમ તેમ વચ્ચે આવતા-બદલતા રહ્યા અને મને ખંભાળીયા મુકામે બહાલ કરવામાં આવી અને ત્યાંથી હેમખેમ જેતપુર મુકામે પહોંચાડી મારામાં પ્રાણવાયુ પુરવા તા. ૨૫-૪-૧૯૯૨ના રોજ મીની અધિવેશન બોલાવવામાં આવ્યું.

એજ પ્રાણવાયુના આધારે તા. ૩૦-૦૫-૧૯૯૨ના ચોથું અધિવેશન જૂનાગઢ મુકામે મળી ગયું. ત્યારબાદ આમ તેમ થતાં થતાં તા. ૨૦-૦૫-૧૯૯૫ના રોજ જેતપુર મુકામે પાંચમું અધિવેશન આવી ગયું. પરંતુ મને અફસોસ એક જ વાતનો રહેતો કે મારા સંચાલકો માંથી કોઇએ મને એક જગ્યાએ સ્થિર કરવા મહેનત કરતા ન હતા. ચોકક્સ સમાજની શૈક્ષણિક, આર્થિક તેમજ સામાજિક બાબતો પર દરેકનું ધ્યાન કેન્દ્રીત હતું પરંતુ મને પણ આમથી આમ થતાં થાક તો લાગતો જ હતો. છતાં સમાજના વહિવટી ભારણ અને આગેવાનો એ પૂરેલ પ્રાણવાયુના કારણે મને પણ મારી સ્થિરતાનું ભાન રહેતું નહતું.

ખેર, આમને આમ કરતાં તા. ૨૦-૧૧-૧૯૯૭ના રોજ રાજકોટ મુકામે મને છઠ્ઠી વખત બોલાવવામાં આવી અને છઠ્ઠુ અધિવેશન મળી ગયું. ત્યારબાદ મને ફરી એક જગ્યાએ કેદ મળી. લગભગ ૬ વર્ષ સુધી મને સુષુપ્ત રાખવામાં આવી. ત્યારબાદ તા. ૦૭-૦૬-૨૦૦૩ના રોજ મોરબી મુકામે મને સાતમા અધિવેશન માટે બોલાવવામાં આવી. એ સમયના કાર્યવાહકોએ મારા થકી સમાજના કાર્યો કર્યાની શરૂઆત કરી અને મને એક જગ્યાએ સ્થાયી કરવાના પ્રયાસો કર્યા, ત્યારે મને થોડો રાજીપો થયો પણ અફસોસ એ કાર્યવાહકોની મહેનત કરવા છતાં પણ હું સ્થાયી થવામાં અસફળ રહી.

ત્યારબાદ ફરી મને તા. ૦૭-૦૬-૨૦૦૭માં જામનગર મુકામે ફરી ૮ માં અધિવેશન માટે બોલાવવામાં આવી. બસ જામનગર પહોંચતાની સાથે જ એક કેદખાનામાં પુરાઇ રહી અને પુરા ૧૦ વર્ષ હા, હા ૧૦ વર્ષ સુધી કેદ રહી.

ત્યારબાદ સમાજના સક્રિય આગેવાનો એ ફરી મને ૯ માં અધિવેશન માટે તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ પોરબંદર બોલાવવામાં આવી. આ વખતે મારામાં નવા પ્રાણ પુરવા આગેવાનોએ કમર કસી ને મારૂં મન પણ દોડવા મજબૂર થયું.

ત્યારબાદ ફરી તા. ૦૯-૦૧-૨૦૨૧ના રોજ ૧૦મી વખત મને જૂનાગઢ મુકામે બોલવવામાં આવી. આગેવાનોએ મને આમ જ દોડતી રાખવાની નેમ સાથે હજું હું દોડું છું. મારી આ સફરમાં મને ઘણાં આગેવાનોના નેજા તળે કાર્ય કરવાનો સર્ફ હાસિલ થયો. પણ મારા અત્યાર સુધીના જીવનનો મને એક જ અફસોસ સદ અફસોસ થયો કે મારી સ્થિરતા એટલે કે કાયમી જગ્યાએ મુકામ કરવાની કોઇએ તસ્દી લીધી નથી અને વચ્ચે એકાદ વખત લીધી તો સમાજના ઘણાં લોકો એ એ થવા ન દીધું. હાલમાં પણ મારી સાથે આવી જ ઘટના ઘટી છે. મારી બીજી બહેનોને જયારે જોવું છું તો એ કેવી એક જગ્યા એ સ્થિર છે, જોઇને આનંદ થાય છે. ખેર.. મને જયારે સ્થાયી થવાનો મોકો મળે ત્યારે, પણ હું મારા દિલથી દુઆ કરૂ છું કે હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજ હંમેશા દુનિયામાં ચમકતો, ચળકતો અને આબાદ ખુશહાલ રહે તો જ મારૂં અસ્તિત્વ છે.

**(સાભારઃ 'કલમ' વાર્ષિક અંક)**

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.